## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ આદિપુરુષાય નમઃ || (૫૬)

## આદિપુરુષ હોવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

આદિપુરુષ એટલે જે પહેલા હતો. અત્યારે છે અને ભવિષ્યમાં પણ હોવાનો છે. શરીર રૂપી રથ ચલાવનારા સારથિ એટલે પુરુષ.

ભગવાને ગીતામાં કહ્યું છે-

અજોઽપિ સન્નવ્યયાત્મા ભૂતાનામાશ્વરોઽપિ સન |

પ્રકૃતિ સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ||

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन्।

प्रकृति स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ।।

૪ અધ્યાય, ૬ઠો શ્લોક

અર્થાત્ – હું જન્મરહિત, જેના સ્વરૂપમાં ફરક થતો નથી (અજન્મા, નિર્વિકાર સ્વરૂપ) એવો સર્વપ્રાણીમાત્રનો ઈશ્વર છું. તે છતાં હું પોતાની પ્રકૃતિનો આશ્રય લઈને પોતાની માયા વડે જન્મ લઉં છું.

વર્તમાન (સાંપ્રત) ના શ્રી સત્યસાઈ અવતાર પણ આદિપુરુષ હોવાથી તેમણે સ્વેચ્છાથી જન્મ લઈને મનુષ્ય શરીર ધારણ કર્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણના અવતાર વખતે પણ એવા કેટલાક લોકો હતા જે ભગવાનનું દિવ્ય સ્વરૂપ ન ઓળખી શકતા તેમને મનુષ્ય દેહધારી સમજીને તેમની અવજ્ઞા કરતા હતા. આજે પણ એવા મૂર્ખ લોકો જે સ્વામીનું દિવ્ય સ્વરૂપને સમજી ને પોતાનું નુકસાન કરી રહ્યા છે.

સ્વામી આદિ પુરુષ હોવાના અનુભવો અનેક જિજ્ઞાસુ અને જ્ઞાની ભક્તોને, તેમજ યોગીઓને થયા છે. ૠષિકેશના સ્વામી શિવાનંદ સ્વામી સાથેની મુલાકાત વખતે, વશિષ્ઠ ગુફા પાસે જે યોગી પાણીમાં તણાઈ જતો હતો તેને સ્વામીએ બચાવ્યો હતો. તેણે પરમેશ્વરનું ધ્યાન કર્યું હતું. તેની

પ્રાર્થના સ્વામી સુધી પહોંચી અને તે પ્રાર્થનાનો પ્રતિસાદ આપીને સ્વામીએ તેનો જીવ બચાવ્યો હતો. સ્વામી આદિ પુરૂષ છે, તે સિદ્ધ (સાબિત) કરનારી આ એક ઘટના છે.

આદિપુરુષ હોવાથી જ પોતાના પ્રત્યેક અવતાર વખતે ભક્તોએ વિવિધ જન્મ લીધાની તેમને ખબર છે. સાઈના શિરડી અવતારની આ એક કથા.

શ્રીમતી લક્ષ્મીબાઈ ગણેશ ખાપડે. આ સ્ત્રીભક્ત પર સાઈનાથનો વિશેષ પ્રેમ અને કૃપા હતી. તેમણે નૈવેદ્ય તરીકે લાવેલું અન્ન તે તરત જ સેવન કરતા. એકવાર શ્રી. માધવરાવ દેશપાંડે ઉર્ફ શામાએ આ બાબત પૂછતા સાઈનાથ બોલ્યા- " આ પૂર્વે એક જન્મમાં તે વાણિયાની ગાય હતી. ત્યાર પછી તે ક્યાંય દેખાઈ નહીં. તે પછીના જન્મમાં તે એક માળીને ઘરે જન્મી. પછી તેનો ક્ષત્રિયને ઘરે જન્મ થયો, અને ત્યાર પછી તે વાણિયાની પત્ની થઈ, ત્યાર પછી તે બ્રાહ્મણ કુટુંબમાં જન્મી. ઘણો કાળ વીત્યા પછી તે નજરે પડી છે, તેથી તેણે પ્રેમભાવે બનાવીને લાવેલું અન્ન સુખેથી મારા પેટમાં જવા દે અને તેને સંતોષ થવા દે." આદિપુરુષ સાઈનાથ આપણને બધાને આવો જ સંતોષ આપે એ જ પ્રાર્થના.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||